द रजिस्ट्री संख्या जी/जीएनआर/2

REGISTERED No.G/GNR/2

રજીસ્ટર નંબર જી/જીએનઆર/૨

# भारत का राजपत्र

# The Gazette of India

# ભારતનું રાજપત્ર

**असाद्यारण**

**EXTRAORDINARY**

**અસાધારણ**

**भाग–8 खंड–1**

**PART-VIII Section-1**

**ભાગ–૮ વિભાગ–૧**

**प्राद्यिकारसे प्रकाशित**

**PUBLISHED BY AUTHORITY**

**પ્રાધિકારથી પ્રકાશિત**

सं. 1] नई दिल्ली, मंगलवार, 18 अप्रैल, 2006/ 28 चैत्र 1928 (शक)

No.1 NEW DELHI, TUESDAY, 18 APRIL, 2006/28 CHAITRA, 1928, (SAKA)

અંક–૧ ] નવી દિલ્હી, મંગળવાર, ૧૮મી એપ્રિલ, ૨૦૦૬, ૨૮ ચૈત્ર ૧૯૨૮ (શક)

इस भागमे भिन्न पृष्ट संख्या दी जाती है, जिससे की यह अलग संकलन के रुपमे रखा जा सके

Separate paging is given to this Part in order that it may be field as a separate compilation.

આ ભાગને અલગ પાના નંબર આપેલ છે, જેથી તે અલગ સંગ્રહ તરીકે ફાઈલ કરી શકાશે.

विद्यि और न्याय मंत्रालय

(विद्यायी विभाग)

नई दिल्ली, 18 अप्रैल, 2006/ 28 चैत्र 1928 (शक)

(१) दि राईट टु ईन्फर्मेशन एकट, 2005 (सन 2005 का 22), का निम्नलिखित गुजराती अनुवाद राष्ट्रपतिके प्राद्यिकार से प्रकाशित किया जाता है और प्राद्यिकृत पाठ (केन्द्रीय विद्यि) अद्यिनियम, 1973 (सन 1973 का 50) की द्यारा 2 के खंड (क) के अद्यीन गुजराती भाषा में प्राद्यिकृत पाठ समझा जाएगा :–

MINISTRY OF LAW AND JUSTICE

(Legislative Department)

New Delhi dated 18th April, 2006/28 CHAITRA 1928 (Saka)

The Translation in Gujarati of The Right to Information Act, 2005(22 of 2005) is hereby published under the authority of the President and shall be deemed to be the Authori- tative Texts thereof in Gujarati under clause (a) of section 2 of the Authoritative Translations (Central Laws) Act, 1973 (50 of 1973).

વિધિ અને ન્યાય મંત્રાલય

(વિધાયી વિભાગ)

નવી દિલ્હી, ૧૮મી એપ્રિલ, ૨૦૦૬/ ૨૮ ચૈત્ર, ૧૯૨૮ (શક)

ધી રાઈટ ટુ ઇન્ફર્મેશન એકટ, ૨૦૦૫ (સન ૨૦૦૫નો અધિનિયમ ક્રમાંક ૨૨), નું ગુજરાતી ભાષાંતર આથી રાષ્ટ્રપતિના પ્રાધિકાર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને પ્રાધિકૃત પાઠ (કેન્દ્રિય કાયદા) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ૫૦મા)ની કલમ ૨ના ખંડ (ક) હેઠળ તે, તેનો પ્રાધિકૃત ગુજરાતી પાઠ છે એમ ગણાશે.

# માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫
## ( સન ૨૦૦૫નો અધિનિયમ ક્રમાંક.૨૨)

### અનુક્રમણિકા


### પ્રકરણ ૧
### પ્રારંભિક

કલમ

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.
૨. વ્યાખ્યા.

### પ્રકરણ ૨
### માહિતીનો અધિકાર અને જાહેર સત્તામંડળોની જવાબદારીઓ

૩. માહિતીનો અધિકાર.
૪. જાહેર સત્તામંડળોની જવાબદારીઓ.
૫. જાહેર માહિતી અધિકારીઓને મુકરર કરવા બાબત.
૬. માહિતી મેળવવા માટે વિનંતી કરવા બાબત.
૭. વિનંતીનો નિકાલ.
૮. માહિતી જાહેર કરવામાંથી મુકિત.
૯. અમુક કિસ્સામાં માહિતી આપવાનો અસ્વીકાર કરવા માટેના આધારો બાબત.
૧૦. વિભાજયતા.
૧૧. ત્રાહિત પક્ષકારને લગતી માહિતી.

### પ્રકરણ ૩
### કેન્દ્રીય માહિતી પંચ

૧૨. કેન્દ્રીય માહિતી પંચની રચના.
૧૩. હોદ્દાની મુદત અને સેવાની શરતો.
૧૪. મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનરને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

## પ્રકરણ ૪
## રાજય માહિતી પંચ

૧૫. રાજય માહિતી પંચની રચના.
૧૬. હોદ્દાની મુદત અને સેવાની શરતો.
૧૭. રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનરને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

## પ્રકરણ ૫
## માહિતી પંચની સત્તા અને કાર્યો, અપીલ અને દંડ.

૧૮. માહિતી પંચ ની સત્તા અને કાર્યો.
૧૯. અપીલ.
૨૦. દંડ.

## પ્રકરણ ૬
## પ્રકીર્ણ

૨૧. શુધ્ધ બુધ્ધિથી લીધેલા પગલાને રક્ષણ.
૨૨. અધિનિયમની ઉપરવટ અસર.
૨૩. ન્યાયાલયની હકૂમતને બાધ.
૨૪. અમુક સંગઠનોને અધિનિયમ લાગુ ન પડવા બાબત.
૨૫. દેખરેખ રાખવા અને અહેવાલ આપવા બાબત.
૨૬. સમુચિત સરકારે તૈયાર કરવાના કાર્યક્રમો.
૨૭. નિયમો કરવાની સમુચિત સરકારની સત્તા.
૨૮. નિયમો કરવાની સક્ષમ સત્તાધિકારીની સત્તા.
૨૯. નિયમો મૂકવા બાબત.
૩૦. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.
૩૧. રદ કરવા બાબત.
પહેલી અનુસૂચિ
બીજી અનુસૂચિ

# માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫
## ( સન ૨૦૦૫નો અધિનિયમ ક્રમાંક.૨૨)

**[૧૫મી જૂન, ૨૦૦૫]**

પ્રત્યેક જાહેર સત્તામંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિતીના અધિકારના વ્યવહારુ શાસનની રચના કરવા, કેન્દ્રીય માહિતી પંચ અને રાજ્ય માહિતી પંચોની રચના અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબતનો અધિનિયમ.

ભારતના સંવિધાને લોકશાહી ગણરાજયની સ્થાપના કરેલ છે;

અને લોકશાહીની અતિ આવશ્યક કામગીરી માટે નાગરિકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે અને ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવા અને સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે;

અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે;

અને લોકશાહી આદર્શની સર્વોપરિતા જાળવતી વખતે આ સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે;

તેથી, હવે, જે નાગરિકો માહિતી મેળવવા માગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવી ઇષ્ટ છે.

સંસદે, ભારતના ગણરાજયના છપ્પનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કર્યો છે :-

### પ્રકરણ ૧
### પ્રારંભિક

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ કહેવાશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) કલમ ૪ ની પેટા-કલમ (૧), કલમ ૫ની પેટા-કલમો(૧) અને (૨), કલમો ૧૨,૧૩,૧૫,૧૬,૨૪,૨૭ અને ૨૮ની જોગવાઇઓ તરત જ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઇઓ તેના અધિનિયમનના એકસો વીસમા દિવસે અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "સમુચિત સરકાર" એટલે-

(૧) કેન્દ્ર સરકાર અથવા સંઘ રાજયક્ષેત્ર વહીવટ દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ,રચાયેલ,માલિકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળના સંબંધમાં, કેન્દ્ર સરકાર;

(૨) રાજય સરકાર દ્વારા પ્રત્યક્ષ અથવા પ્રરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ,માલિકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળના સંબંધમાં, રાજય સરકાર;

(ખ) "કેન્દ્રીય માહિતી પંચ" એટલે કલમ ૧૨ની પેટા-કલમ(૧) હેઠળ રચાયેલ કેન્દ્રીય માહિતી પંચ;

(ગ) "કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી" એટલે કલમ ૫ની પેટા-કલમ(૧) હેઠળ મુકરર કરેલ કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અને તેમાં પેટા-કલમ (૨) હેઠળ તે તરીકે મુકરર કરેલ કેન્દ્રીય મદદનીશ જાહેર માહિતી અધિકારીનો સમાવેશ થાય છે;

(ઘ) "મુખ્ય માહિતી કમિશનર" અને "માહિતી કમિશનર" એટલે કલમ ૧૨ની પેટા-કલમ(૩) હેઠળ નીમાયેલા મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનર;

(ચ) " સક્ષમ સત્તાધિકારી" એટલે-

(૧) લોકસભાના અથવા રાજય વિધાનસભાના અથવા એવી વિધાનસભા ધરાવતા સંઘ રાજયક્ષેત્રના કિસ્સામાં અધ્યક્ષ અને રાજયસભા અથવા રાજય વિધાન પરિષદના કિસ્સામાં અધ્યક્ષ;

(૨) ઉચ્ચત્તમ ન્યાયાલયના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ;

(૩) ઉચ્ચ ન્યાયાલયના કિસ્સામાં, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ;

(૪) સંવિધાનથી અથવા તે હેઠળ સ્થપાયેલા અથવા રચાયેલા બીજા સત્તામંડળોના કિસ્સામાં, રાષ્ટ્રપતિ અથવા રાજયપાલ;

(૫) સંવિધાનની કલમ ૨૩૯ હેઠળ નીમાયેલા વહીવટદાર;

(છ) "માહિતી" એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઇ-મેઇલ, અભિપ્રાયો, સૂચના, અખબારી-યાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઇ ઇલેકટ્રોનિક સ્વરૂપમાં માહિતી-સામગ્રી અને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ કોઇ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઇ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઇપણ સ્વરૂપમાં કોઇપણ સામગ્રી,

(જ) "ઠરાવેલું" એટલે સમુચિત સરકારે અથવા યથાપ્રસંગ, સક્ષમ સત્તામંડળે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઝ) "જાહેર સત્તામંડળ" એટલે-

(ક) સંવિધાનથી અથવા તે હેઠળ;

(ખ) સંસદે કરેલા કોઇ બીજા કાયદાથી;

(ગ) રાજય વિધાનમંડળે કરેલા કોઇ બીજા કાયદાથી;

(ઘ) સમુચિત સરકારે બહાર પાડેલા કોઇ જાહેરનામાથી અથવા કરેલા કોઇ હુકમથી,

સ્થાપેલ અથવા રચાયેલ કોઇ સત્તામંડળ અથવા મંડળ અથવા સ્વરાજયની સંસ્થા,

અને તેમાં, સમુચિત સરકારે પૂરા પાડેલા ફંડથી પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે

(૧) માલિકીના, નિયંત્રિત અથવા મોટા પાયે ધિરાણ મેળવેલ મંડળ;

(૨) મોટા પાયે ધિરાણ મેળવતાં બિન-સરકારી સંગઠનનો, પણ સમાવેશ થાય છે.

(ટ) "રેકર્ડ" માં નીચેનાનો સમાવેશ થાય છેઃ-

(ક) કોઇ દસ્તાવેજ, હસ્તપ્રત અને ફાઇલ;

(ખ) કોઇ દસ્તાવેજની માઇક્રોફિલ્મ, માઇક્રોફીશ અથવા ફેસીમાઇલ નકલ;

(ગ) આવી માઇક્રોફિલ્મમાં સમાવિષ્ટ પ્રતિકૃતિ અથવા પ્રતિકૃતિઓની (મોટી કરેલી હોય કે ન હોય તો પણ ) કોઇ નકલ; અને

(ઘ) કોમ્પ્યુટર અથવા બીજા કોઇ સાધનથી રજૂ કરેલી બીજી કોઇ સામગ્રી;

(ઠ) "માહિતીનો અધિકાર" એટલે આ અધિનિયમ હેઠળ કોઇ જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની માહિતી મેળવવાનો અધિકાર અને તેમાં-

(૧) કામકાજ, દસ્તાવેજો, રેકર્ડની તપાસ કરવાના;
(૨) દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ, ઉતારા અથવા પ્રમાણિત નકલો લેવાના;
(૩) સામગ્રીના પ્રમાણિત પુરાવા લેવાના;
(૪) ડિસ્કેટ્સ, ફલોપી, ટેપ, વિડિયો કેસેટના સ્વરૂપમાં અથવા બીજી કોઇ ઇલેક્ટ્રોનિક પધ્ધતિ અથવા જયારે આવી માહિતી કોઇ કોમ્પ્યુટરમાં અથવા બીજા કોઇ સાધનમાં સંગ્રહિત હોય ત્યારે પ્રિન્ટ આઉટની મારફતે મેળવવાના;

અધિકારનો સમાવેશ થાય છે;

(ડ) "રાજય માહિતી પંચ" એટલે કલમ ૧૫ની પેટા-કલમ(૧) હેઠળ રચાયેલું રાજય માહિતી પંચ;
(ઢ) "રાજયના મુખ્ય માહિતી કમિશનર" અને "રાજય માહિતી કમિશનર" એટલે કલમ ૧૫ની પેટા-કલમ(૩) હેઠળ નીમાયેલા રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજય માહિતી કમિશનર;
(ત) "રાજયના જાહેર માહિતી અધિકારી" એટલે કલમ ૫ની પેટા-કલમ(૧) હેઠળ મુકરર કરેલ રાજયના જાહેર માહિતી અધિકારી અને તેમાં પેટા-કલમ (૨) હેઠળ એવા રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીનો પણ સમાવેશ થાય છે;
(થ) "ત્રાહિત પક્ષકાર" એટલે માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઇ વ્યકિત અને તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે.

## પ્રકરણ ૨
## માહિતીનો અધિકાર અને જાહેર સત્તામંડળોની જવાબદારીઓ

.નો .ર.

**૩.** આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, તમામ નાગરિકોને માહિતીનો અધિકાર રહેશે. **માહિતીનો અધિકાર**

ળોની ારીઓ.

**૪.** (૧) દરેક જાહેર સત્તામંડળે- **જાહેર સત્તામંડળોની જવાબદારીઓ**

(ક) પોતાના તમામ રેકર્ડ આ અધિનિયમ હેઠળ માહિતી મેળવવાના અધિકારને સુવિધાપૂર્ણ બનાવે તેવી રીતે અને તેવા સ્વરૂપમાં યોગ્ય રીતે પત્રકમાં નોંધીને અને અનુક્રમણિકા કરીને જાળવવા જોઇશે અને જેને કોમ્પ્યુટરાઇઝડ કરવા (કોમ્પ્યુટરમાં રાખવા) ઉચિત હોય તેવા તમામ રેકર્ડને, વાજબી સમયની અંદર અને સાધનોની ઉપલભ્યતાને અધીન રહીને કોમ્પ્યુટરાઇઝડ કરાવવાનું સુનિશ્ચિત કરવું જોઇશે અને જુદી જુદી પધ્ધતિથી સમગ્ર દેશમાં નેટવર્ક મારફતે જોડવાનું સુનિશ્ચત કરવું જોઇશે, જેથી એવું રેકર્ડ મેળવવામાં સરળતા રહે;

(ખ) આ અધિનિયમના અધિનિયમનથી એકસો વીસ દિવસની અંદર,-
(૧) પોતાના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતો;
(૨) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો;
(૩) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ;
(૪) પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો;

(૫) પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ,

(૬) પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક;

(૭) તેની નીતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઇ વ્યવસ્થાની વિગતો;

(૮) તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોનું પત્રક અને તે બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ;

(૯) તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા;

(૧૦) તેના વિનિયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મહેનતાણા;

(૧૧) તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચુકવેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર,

(૧૨) ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો

(૧૩) તેણે આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો;

(૧૪) ઈલેકટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો;

(૧૫) જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તો તેવા ગ્રંથાલય અથવા તેના વાચનકક્ષના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો;

(૧૬) જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દા અને બીજી વિગતો;

(૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી;

પ્રસિધ્ધ કરવી જોઇશે અને ત્યારપછી દર વર્ષે આ પ્રકાશનોને અદ્યાવત કરવા જોઇશે.

(ગ) મહત્વની નીતિઓ ઘડતી વખતે અથવા લોકોને અસર કરતા નિર્ણયો જાહેર કરતી વખતે સંબંધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવી જોઇશે;

(ઘ) અસરકર્તા વ્યકિતઓને તેના વહીવટી અથવા અર્ધ-અદાલતી નિર્ણયો માટે કારણો આપવા જોઇશે.

(૨) દરેક જાહેર સત્તામંડળે પેટા-કલમ(૧)ના ખંડ(ખ)ની જરૂરિયાતો અનુસાર, ઇન્ટરનેટ સહિતના સંદેશાવ્યવહારના જુદા જુદા સાધનો મારફતે નિયમિત સમયાંતરે આપમેળે વધુમાં વધુ માહિતી પૂરી પાડવા માટે પગલા લેવાનો સતત પ્રયાસ કરવો જોઇશે, જેથી લોકોને માહિતી મેળવવા માટે આ અધિનિયમના ઉપયોગની ઓછામાં ઓછી જરૂર પડે.

(૩) પેટા-કલમ(૧)ના હેતુઓ માટે, દરેક માહિતીનો લોકો સહેલાઇથી જોઇ શકે તે સ્વરૂપે અને તે રીતે બહોળો પ્રસાર કરવો જોઇશે.

(૪) (માહિતીની)તમામ સામગ્રીનો પ્રસાર, ખર્ચની અસરકારકતા, સ્થાનિક ભાષા અને તે સ્થાનિક વિસ્તારમાં સંદેશાવ્યવહારની સૌથી અસરકારક પધ્ધતિને ધ્યાનમાં લઇને કરવો જોઇશે અને તે માહિતી, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી પાસે વિનામૂલ્યે અથવા ઠરાવવામાં આવે તેવા માધ્યમની કિંમતે અથવા છપામણીના ખર્ચની કિંમતે, શકય હોય તેટલે સુધી ઇલેકટ્રોનિક સ્વરૂપમાં સહેલાઇથી પ્રાપ્ય હોવી જોઇશે.

<u>સ્પષ્ટીકરણ.-</u> પેટા-કલમો (૩) અને (૪)ના હેતુઓ માટે, "પ્રસાર કરવો" એટલે કોઇ જાહેર સત્તામંડળની કચેરીઓની તપાસણી સહિતની માહિતી લોકોને નોટિસ બોર્ડ, વર્તમાનપત્રો, જાહેર ઉદ્‌ઘોષણાઓ, પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારણથી, ઇન્ટરનેટ અથવા કોઇ બીજા સાધનો મારફતે જણાવવી અથવા પહોંચાડવી.

તી
ને મુકરર
ા.

જાહેર માહિતી અધિકારીઓને મુકરર કરવા બાબત

**૫.** (૧) દરેક જાહેર સત્તામંડળે, આ અધિનિયમના અધિનિયમનથી એકસો દિવસની અંદર, આ અધિનિયમ હેઠળ માહિતી માટે વિનંતી કરતી વ્યકિતઓને માહિતી પૂરી પાડવા માટે તેની હેઠળના તમામ વહીવટી એકમો અથવા કચેરીઓમાં કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીઓ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીઓ તરીકે જરૂરી હોય તેટલા અધિકારીઓને મુકરર કરવા જોઇશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, દરેક જાહેર સત્તામંડળ, આ અધિનિયમના અધિનિયમનના એકસો દિવસની અંદર, આ અધિનિયમ હેઠળ માહિતી અથવા અપીલોની અરજીઓ સ્વીકારવા અને તેને તાત્કાલિક કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજયના જાહેર માહિતી અધિકારી અથવા કલમ ૧૯ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા વરિષ્ઠ અધિકારી અથવા કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને મોકલવા માટે દરેક પેટા-વિભાગીય સ્તરે અથવા બીજા પેટા-જિલ્લા સ્તરે, કેન્દ્રીય મદદનીશ જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે એક અધિકારીને મુકરર કરવા જોઇશે :

**માહિતીનો અધિકાર**

પરંતુ કેન્દ્રીય મદદનીશ જાહેર માહિતી અધિકારીને અથવા યથાપ્રસંગ, રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીને માહિતી માટેની અરજી અથવા અપીલ આપવામાં આવી હોય ત્યારે કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ પ્રત્યુત્તર આપવા માટેની મુદતની ગણતરી કરતી વખતે પાંચ દિવસની મુદત ઉમેરવી જોઇશે.

**જાહેર સત્તામંડળોની જવાબદારીઓ**

(૩) દરેક કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ માહિતી માંગતી વ્યકિતઓની વિનંતીઓ અંગે તજવીજ કરવી જોઇશે અને એવી માહિતી માંગતી વ્યકિતઓને વાજબી સહાય કરવી જોઇશે.

(૪) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી, તેની અથવા તેણીની ફરજોની યોગ્ય બજવણી માટે તેને અથવા તેણીને જરૂરી જણાય તેવા કોઇ બીજા અધિકારીની સહાય માંગી શકશે.

(૫) પેટા-કલમ(૪) હેઠળ જેની સહાય માંગવામાં આવી હોય તેવા કોઇપણ અધિકારીએ, તેની અથવા તેણીની સહાય માંગતા કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીને અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીને તમામ સહાય કરવી જોઇશે અને આ અધિનિયમની જોગવાઇઓના કોઇ ઉલ્લંઘનના હેતુઓ માટે, આવા બીજા અધિકારી, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી તરીકે ગણાશે.

**માહિતી મેળવવા માટે વિનંતી કરવા બાબત.**

૬. (૧) આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યકિતએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઈલેકટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે, તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને-

(ક) સંબંધિત જાહેર સત્તામંડળના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીને અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીને;

(ખ) કેન્દ્રીય મદદનીશ જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીને,

વિનંતી કરવી જોઇશે :

પરંતુ આવી વિનંતી લેખિતમાં કરી ન શકાય ત્યારે, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ, મૌખિક વિનંતી કરતી વ્યકિતને તેની મૌખિક વિનંતીને લેખિત સ્વરૂપ આપવાની તમામ વાજબી સહાય કરવી જોઇશે.

(૨) માહિતી માટે વિનંતી કરતા અરજદારને, તેનો સંપર્ક કરવા માટે જરૂરી હોય તે સિવાય માહિતી અંગે વિનંતી કરવાનું કોઇ કારણ અથવા બીજી કોઇ અંગત વિગતો આપવા ફરજ પાડી શકાશે નહિ.

(૩) કોઇ જાહેર સત્તામંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી,-

(૧) બીજા જાહેર સત્તામંડળ પાસે હોય; અથવા

(૨) તેની વિષય-વસ્તુ બીજા જાહેર સત્તામંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય ત્યારે,

એવી અરજી જે જાહેર સત્તામંડળને કરવામાં આવી હોય તેણે તે અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા જાહેર સત્તામંડળને તબદીલ કરવો જોઇશે અને એવી તબદીલી અંગેની જાણ અરજદારને તરત જ કરવી જોઇશેઃ

પરંતુ આ પેટા-કલમ અનુસારની અરજીની તબદીલી વ્યવહાર્ય હોય તેટલી ઝડપથી કરવી જોઇશે પરંતુ કોઇપણ કિસ્સામાં આવી તબદીલી અરજી મળ્યાની તારીખથી પાંચ દિવસ કરતા મોડી હોવી જોઇશે નહિ.

**વિનંતીનો નિકાલ**

૭. (૧) કલમ ૫ની પેટા-કલમ(૨)ના પરંતુક અથવા કલમ ૬ની પેટા-કલમ (૩)ના પરંતુકને અધીન રહીને, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ, કલમ ૬ હેઠળ વિનંતી મળ્યે, શકય હોય તેટલું જલદી અને કોઇપણ કિસ્સામાં વિનંતી મળ્યાના ત્રીસ દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવી ફીની ચુકવણી કર્યે માહિતી પૂરી પાડવી જોઇશે અથવા કલમો ૮ અને ૯માં નિર્દિષ્ટ કરેલા કોઇ કારણસર વિનંતીનો અસ્વીકાર કરવો જોઇશે :

પરંતુ માંગવામાં આવેલી માહિતી, કોઇ વ્યકિતની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સંબંધિત હોય, ત્યારે વિનંતી મળ્યાના અડતાલીસ કલાકની અંદર તે (માહિતી) પૂરી પાડવી જોઇશે.

(૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી, પેટા-કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર માહિતી માટેની વિનંતી પર નિર્ણય લેવામાં ચૂક કરે, તો કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ વિનંતીનો અસ્વીકાર કર્યો છે એમ ગણાશે.

(૩) માહિતી પૂરી પાડવા માટેનું ખર્ચ જણાવતી વધારાની કોઇ ફીની ચુકવણી કર્યે, માહિતી પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવે, ત્યારે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ વિનંતી કરનાર વ્યકિતને,-

(ક) પેટા-કલમ (૧) હેઠળ ઠરાવેલી ફીની રકમ નકકી કરવા માટે કરેલ ગણતરી સાથે માહિતી પૂરી પાડવા માટેનું ખર્ચ જણાવતી તેણે નકકી કરેલી વધારાની ફીની રકમ જમા કરાવવા માટે તેને વિનંતી કરવી અને તે પેટા-કલમમાં ઉલ્લેખેલ ત્રીસ દિવસની ગણતરી કરવાના હેતુ માટે સદરહુ જાણ કર્યાની અને ફીની ચુકવણી વચ્ચેની મુદત બાકાત રાખવી જોઇશે તેની વિગત;

(ખ) અપીલીય સત્તામંડળ, સમય-મર્યાદા, પ્રક્રિયા અને કોઇ બીજા સ્વરૂપો સહિત લેવામાં આવેલ ફીની રકમ અથવા પૂરી પાડવામાં આવેલ માહિતીનું સ્વરૂપ જેવા નિર્ણયની સમીક્ષાના સંબંધમાં તેના અથવા તેણીના હક સંબંધિત માહિતી,

આપીને તેને જાણ કરવી જોઇશે.

(૪) આ અધિનિયમ હેઠળ કોઇ રેકર્ડ અથવા તેના ભાગની માહિતી પૂરી પાડવા ફરમાવ્યું હોય અને જેને માહિતી પૂરી પાડવાની હોય તે વ્યક્તિ સંવેદનાત્મક અશકત હોય, ત્યારે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ તપાસણી માટે યોગ્ય હોય તેવી સહાય પૂરી પાડવા સહિતની માહિતી પૂરી પાડવા માટે સહાય કરવી જોઇશે.

(૫) જયારે માહિતી મુદ્રિત અથવા કોઇ ઇલેકટ્રોનિક સ્વરૂપે પૂરી પાડવાની હોય ત્યારે, પેટા-કલમ(૬)ની જોગવાઇઓને અધીન રહીને, અરજદારે, ઠરાવવામાં આવે તેટલી ફી ચૂકવવી જોઇશે :

પરંતુ કલમ ૬ ની પેટા-કલમ (૧) અને કલમ ૭ની પેટા-કલમો(૧) અને(૫) હેઠળ ઠરાવેલી ફી વાજબી હોવી જોઇશે અને સમુચિત સરકાર નકકી કરે તેવી ગરીબી રેખા નીચેની હોય તેવી વ્યકિતઓ પાસેથી કોઇ ફી લેવી જોઇશે નહિ.

(૬) પેટા-કલમ(૫)માં ગમે તે મજકૂર હોય તે છતાં, જાહેર સત્તામંડળ, પેટા-કલમ(૧)માં નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાનું પાલન કરવામાં ચૂક કરે ત્યારે, માહિતી માટે વિનંતી કરતી વ્યકિતને માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી જોઇશે.

(૭) પેટા-કલમ(૧) હેઠળ કોઇ નિર્ણય લેતા પહેલાં, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ કલમ ૧૧ હેઠળ ત્રાહિત પક્ષકારે કરેલી રજૂઆતને વિચારણામાં લેવી જોઇશે.

(૮) પેટા-કલમ(૧) હેઠળ વિનંતીનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય, ત્યારે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ વિનંતી કરતી વ્યકિતને-

(૧) આવા અસ્વીકાર માટેના કારણો;

(૨) આવા અસ્વીકાર સામે જે મુદતની અંદર અપીલ કરી શકે તે મુદત; અને

(૩) અપીલીય સત્તામંડળની વિગતોની જાણ કરવી જોઇશે.

(૯) સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય.

**માહિતી જાહેર કરવામાંથી મુક્તિ**

૮. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઇપણ નાગરિકને,-

(ક) જે માહિતી જાહેર થવાથી, ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાષ્ટ્રની સલામતી, વ્યૂહાત્મક, વૈજ્ઞાનિક અથવા આર્થિક હિતો, વિદેશી રાષ્ટ્ર સાથેના સંબંધને પ્રતિકૂળ અસર

થાય અથવા કોઇ ગુનાને ઉશ્કેરણી આપવામાં પરિણમે તેમ હોય તો તેવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ખ) કાયદાના કોઇ ન્યાયાલયે અથવા ટ્રિબ્યુનલે પ્રગટ કરવાની સ્પષ્ટ મનાઇ ફરમાવી હોય અથવા જે જાહેર થવાથી ન્યાયાલયનો તિરસ્કાર થઇ શકે તેમ હોય તેવી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ગ) જે પ્રગટ થવાથી સંસદ અથવા રાજય વિધાનમંડળના વિશેષાધિકારનો ભંગ થઇ શકે તેવી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ઘ) સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય કે વિશાળ જાહેર હિતમાં આવી માહિતી પ્રગટ કરવી જરૂરી છે, તે સિવાય વાણિજિયક ગોપનીયતા, ધંધાકીય રહસ્યો અથવા બૌધ્ધિક સંપદાનો સમાવેશ કરતી માહિતી, જે જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકસાન થઇ શકે તેમ હોય તેવી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ચ) કોઇ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે તેવી સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય તે સિવાય વિશ્વસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલભ્ય આવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ

(છ) વિદેશી સરકાર પાસેથી વિશ્વાસમાં લઇને મેળવેલી માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(જ) કોઇ વ્યકિતની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મૂકે અથવા કાયદાની અમલબજવણી માટે અથવા સુરક્ષાના હેતુસર ખાનગી રાહે આપેલી માહિતી અથવા સહાયનો સ્રોત ઓળખાઇ જાય તેવી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ઝ) ગુનેગારોની તપાસ અથવા ધરપકડ અથવા તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે તેવી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ;

(ટ) મંત્રી પરિષદ, સચિવો અથવા અન્ય અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત કેબિનેટના પેપર આપવાની જવાબદારી રહેશે નહિ :

પરંતુ મંત્રી પરિષદના નિર્ણયો, તેના કારણો અને જે બાબતને આધારે નિર્ણયો લેવામાં આવ્યા હોય તે, નિર્ણય લીધા પછી અને બાબત પૂરી અથવા સંપૂર્ણ થઇ ગઇ હોય, ત્યારે જાહેર કરવા જોઇશેઃ

વધુમાં, આ કલમમાં નિર્દિષ્ટ કરેલ મુકિત હેઠળ જે બાબત આવતી હોય તે જાહેર કરવી જોઇશે નહિ;

(ઠ) વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેને વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે તેવી કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજયના જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, અપીલીય સત્તામંડળને ખાતરી થાય તે સિવાય, કોઇ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઇપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઇ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઇ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ :

પરંતુ સંસદ અથવા રાજય વિધાનમંડળને જે આપવાનો ઇનકાર કરી શકાય નહિ તેવી કોઇ માહિતી માટે કોઇ વ્યકિતને ઇનકાર કરવો જોઇશે નહિ.

(૨) સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩માં ગમે તે મજકૂર હોય તે છતાં અથવા પેટા-કલમ (૧) અનુસાર પરવાનગીપાત્ર કોઇ મુકિત હોય તેમ છતાં, રક્ષિત હિતોને નુકસાન કરતી (માહિતીની) જાહેરાત કરતા જાહેર હિત વધુ મહત્વનું હોય, ત્યારે જાહેર સત્તામંડળ માહિતી પૂરી પાડવાની છૂટ આપી શકશે. **સન ૧૯૨૩નો ૧લો.**

:૨૩

(૩) પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ગ) અને (ટ)ની જોગવાઇઓને અધીન રહીને, કલમ ૬ હેઠળ કોઇપણ વિનંતી કરવામાં આવી હોય તે તારીખથી વીસ વર્ષ અગાઉ કોઇ પ્રસંગ, ઘટના અથવા

કોઇ બાબત ઉદ્ભવી હોય, થઇ હોય અથવા બની હોય તો તેના સંબંધી માહિતી, તે કલમ હેઠળ વિનંતી કરનાર વ્યકિતને પૂરી પાડવી જોઇશેઃ

પરંતુ સદરહુ વીસ વર્ષની મુદત કઇ તારીખથી ગણવી તે વિષે કોઇ પ્રશ્ન ઉભો થાય ત્યારે, આ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવેલ સામાન્ય અપીલોને અધીન રહીને, કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાશે.

**અમુક કિસ્સામાં માહિતી આપવાનો અસ્વીકાર કરવા માટેના આધારો બાબત.**

૯. કલમ ૮ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજય જાહેર માહિતી અધિકારી માહિતી પૂરી પાડવાની એવી કોઇ વિનંતીથી રાજય સિવાયની કોઇ વ્યકિત પાસે રહેલ કોપીરાઇટનો ભંગ થાય તેમ હોય ત્યારે, માહિતી પૂરી પાડવા માટેની એવી વિનંતીનો અસ્વીકાર કરી શકાશે.

**વિભાજયતા.**

૧૦. (૧) માહિતી આપવાની કોઇ વિનંતીનો એવા આધાર ઉપર અસ્વીકાર કરવામાં આવ્યો હોય કે તે માહિતી જેને જાહેર કરવામાંથી મુકિત મળેલ છે તેવી માહિતી હોય, ત્યારે આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળ જાહેર કરવામાંથી મુકિત આપેલી હોય તેવી કોઇ માહિતી ન ધરાવતા અને જાહેર કરવામાંથી મુકિત આપેલ કોઇ ભાગથી વાજબી રીતે અલગ થઇ શકે એવા રેકર્ડના તે ભાગમાંની માહિતી પૂરી પાડવી જોઇશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ રેકર્ડના કોઇ ભાગની માહિતી પૂરી પાડવામાં આવી હોય ત્યારે, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજય જાહેર માહિતી અધિકારીએ-

(ક) જાહેર કરવામાંથી મુકિત મળી હોય તેવી માહિતી ધરાવતા રેકર્ડમાંથી અલગ પાડયા બાદ વિનંતી કરેલા રેકર્ડનો બાકીનો ભાગ જ પૂરો પાડવામાં આવી રહયો છે;

(ખ) જેમાં હકીકતોના કોઇ મહત્વના પ્રશ્નના નિર્ણય અને આવા નિર્ણય જેના પર આધારિત હોય તેવી માહિતીના ઉલ્લેખ સહિતના નિર્ણય માટેના કારણો;

(ગ) નિર્ણય કરનાર વ્યકિતનું નામ અને હોદ્દો;

(ઘ) તેણે અથવા તેણીએ ગણતરી કરેલ ફી ની વિગતો અને અરજી કરનારે જમા કરાવવાની થતી હોય તે ફીની રકમ; અને

(ચ) આપવામાં આવેલ માહિતી મેળવવાના નમૂના, માહિતી આપવાની સમય-મર્યાદા, પ્રક્રિયા અને માહિતી મેળવવાના બીજા કોઇ નમૂના, કલમ ૧૯-ની પેટા-કલમ(૧) હેઠળ અથવા કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચ હેઠળ નિર્દિષ્ટ કરેલ વરિષ્ઠ અધિકારીની વિગતો સહિત માહિતીના કોઇ ભાગને જાહેર ન કરવા સંબંધી નિર્ણયની સમીક્ષા કરવાના સંબંધમાં તેના અથવા તેણીના હક, ચાર્જ કરવામાં આવેલ ફીની રકમ અંગે જાણ કરતી નોટિસ અરજદારને આપવી જોઇશે.

**ત્રાહિત પક્ષકારને લગતી માહિતી.**

૧૧. (૧) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી, આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ વિનંતી પરથી એવી કોઇ માહિતી અથવા રેકર્ડ અથવા તેનો કોઇ ભાગ જાહેર કરવા ઇચ્છતા હોય, ત્યારે એવી માહિતી કોઇ ત્રાહિત પક્ષકારને લગતી હોય અથવા તેના દ્વારા પૂરી પાડવામાં આવી હોય અને તે ત્રાહિત પક્ષકારે તેને ખાનગી માહિતી તરીકે ગણી હોય તો, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ આવી વિનંતી મળ્યાના પાંચ દિવસની અંદર ત્રાહિત પક્ષકારને આવી વિનંતી અને કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી

અધિકારી તે માહિતી અથવા રેકર્ડ અથવા તેનો કોઇ ભાગ જાહેર કરવા માંગે છે તેવી હકીકતની લેખિત નોટિસ આપવી જોઇશે અને માહિતી જાહેર કરવી જોઇએ કે નહીં તે અંગે ત્રાહિત પક્ષકારને લેખિત અથવા મૌખિક રજૂઆત કરવા બોલાવવા જોઇશે અને માહિતી જાહેર કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ત્રાહિત પક્ષકારની આવી રજૂઆત ધ્યાનમાં લેવી જોઇશેઃ

પરંતુ કાયદાથી સંરક્ષિત હોય તેવી વેપાર અથવા વાણિજ્યિક ગુપ્ત બાબતોના કિસ્સામાં હોય તે સિવાય, આવા ત્રાહિત પક્ષકારને થનાર કોઇ સંભવિત નુકસાન અથવા હાનિ કરતા તે જાહેર કરવાનું જાહેર હિતમાં વધુ અગત્યનું હોય, તો તે જાહેર કરવાની છૂટ આપી શકાશે.

(૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકારને, કોઇ માહિતી અથવા રેકર્ડ અથવા તેના ભાગના સંબંધમાં, પેટા-કલમ (૧) હેઠળ નોટિસ બજાવી હોય, ત્યારે ત્રાહિત પક્ષકારને આવી નોટિસ મળ્યાની તારીખથી દસ દિવસની અંદર જાહેર કરવા ધારેલ એવી માહિતીની જાહેરાત સામે રજૂઆત કરવાની તક આપવી જોઇશે.

(૩) ત્રાહિત પક્ષકારને પેટા-કલમ (૨) હેઠળ રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય તો, કલમ ૭ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ, કલમ ૬ હેઠળ વિનંતી મળ્યા પછીના ચાલીસ દિવસની અંદર, માહિતી અથવા રેકર્ડ અથવા તેનો કોઇ ભાગ જાહેર કરવો કે નહિ તેનો નિર્ણય કરવો જોઇશે અને ત્રાહિત પક્ષકારને લેખિતમાં તેના નિર્ણયની જાણ કરતી નોટિસ આપવી જોઇશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ આપવામાં આવતી નોટિસમાં એવું નિવેદન હોવું જોઇશે કે જે ત્રાહિત પક્ષકારને નોટિસ આપવામાં આવી છે તેને કલમ ૧૯ હેઠળ નિર્ણય સામે અપીલ કરવાનો હક રહેશે.

## પ્રકરણ ૩
## કેન્દ્રીય માહિતી પંચ

**કેન્દ્રીય માહિતી પંચની રચના.**

**૧૨.** (૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમ હેઠળ તેને મળેલી સત્તાઓ વાપરવા અને સોંપવામાં આવેલા કાર્યો બજાવવા માટે કેન્દ્રીય માહિતી પંચ તરીકે ઓળખાતા મંડળની રચના કરશે.

(૨) કેન્દ્રીય માહિતી પંચ નીચેનાનું બનશે :-

(ક) મુખ્ય માહિતી કમિશનર; અને

(ખ) જરૂરી જણાય તેવા, દસથી વધુ નહીં તેટલા કેન્દ્રીય માહિતી કમિશનર.

(૩) રાષ્ટ્રપતિ નીચેના સભ્યોની બનેલી સમિતિની ભલામણ પરથી મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરોની નિમણૂક કરી શકશે.

(૧) પ્રધાનમંત્રી, જે સમિતિના અધ્યક્ષ રહેશે.

(૨) લોકસભાના વિરોધપક્ષના નેતા; અને

(૩) પ્રધાનમંત્રીએ નામનિયુકત કરવાના કેન્દ્રીય કેબિનેટ મંત્રી.

**સ્પષ્ટીકરણ** :- શંકાના નિવારણના હેતુ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે લોકસભામાં વિરોધપક્ષના નેતાની તે તરીકે માન્યતા આપી ન હોય, ત્યારે લોકસભામાં સરકારની સામેના સૌથી મોટા સંયુકત વિરોધી જૂથના નેતા વિરોધપક્ષના નેતા ગણાશે.

(૪) કેન્દ્રીય માહિતી પંચના કામકાજ ઉપર સામાન્ય દેખરેખ, માર્ગદર્શન અને વ્યવસ્થાપન મુખ્ય માહિતી કમિશનરમાં નિહિત થશે. જેમને માહિતી કમિશનરો સહાય કરશે અને આ અધિનિયમ

હેઠળ કોઇ બીજા સત્તાધિકારીની સૂચનાઓને અધીન રહયા સિવાય, કેન્દ્રીય માહિતી પંચ દ્વારા સ્વાયત્ત રીતે વાપરી શકાય અથવા કરી શકાય એવી તમામ સત્તા વાપરી શકશે અને એવા તમામ કાર્યો અને બાબતો કરી શકશે.

(૫) મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરો કાયદો, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી(ટેકનોલોજી), સમાજ સેવા, વ્યવસ્થાપન, પત્રકારત્વ, સમૂહ માધ્યમો અથવા વહીવટ અને સંચાલનમાં બહોળા જ્ઞાન અને અનુભવ ધરાવતી જાહેર જીવનની નામાંકિત વ્યકિતઓ હોવી જોઇશે.

(૬) મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર સંસદના અથવા કોઇ રાજય અથવા યથાપ્રસંગ, સંઘ રાજયક્ષેત્રના વિધાનગૃહના સભ્ય અથવા કોઇ લાભદાયી હોદ્દો ધરાવતા અથવા કોઇ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા અથવા કોઇ ધંધો કરતા અથવા વ્યવસાય કરતા હોવા જોઇશે નહિ.

(૭) કેન્દ્રીય માહિતી પંચનું મુખ્યમથક દિલ્હી ખાતે રહેશે અને કેન્દ્રીય માહિતી પંચ કેન્દ્ર સરકારની પૂર્વમંજૂરીથી ભારતમાં બીજા સ્થળોએ કચેરીઓ સ્થાપી શકશે.

**હોદ્દાની મુદ્દત અને સેવાની શરતો.**

ોદ્દાની ુદત ને વાની રતો.

**૧૩.** (૧) મુખ્ય માહિતી કમિશનર પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તેઓ ફેરનિમણૂકને પાત્ર થશે નહિઃ

પરંતુ કોઇપણ મુખ્ય માહિતી કમિશનર, તેઓ પાંસઠ વર્ષની વયના થયા પછી, તે તરીકે હોદ્દો ધરાવી શકશે નહિ.

(૨) દરેક માહિતી કમિશનર પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે અથવા પોતે પાંસઠ વર્ષની ઉંમર પૂરી કરે, એ બેમાંથી જે વહેલું હોય, તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે અને આવા માહિતી કમિશનર તરીકે ફેરનિમણૂકને પાત્ર થશે નહિ :

પરંતુ દરેક માહિતી કમિશનર, આ પેટા-કલમ હેઠળ પોતાનો હોદ્દો ખાલી કર્યે, કલમ ૧૨ ની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી રીતે મુખ્ય માહિતી કમિશનર તરીકેની નિમણૂક માટે પાત્ર થશેઃ

વધુમાં, માહિતી કમિશનરને મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી હોય, ત્યારે માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનર તરીકે તેમના હોદ્દાની મુદત એકંદરે પાંચ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.

(૩) મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનરે પોતાનો હોદ્દો ધારણ કરતા પહેલા રાષ્ટ્રપતિ અથવા તેમણે તે અર્થે નિયુકત કરેલ બીજી કોઇ વ્યકિત સમક્ષ, આ હેતુ માટે પ્રથમ અનુસૂચિમાં નિયત કરેલ નમૂના અનુસાર, સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવી જોઇશે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર પોતાની સહી કરવી જોઇશે.

(૪) મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર, કોઇપણ સમયે રાષ્ટ્રપતિને સંબોધીને પોતાના હસ્તાક્ષરમાં લેખિતમાં, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશેઃ

પરંતુ મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનરને કલમ ૧૪ હેઠળ ઠરાવેલી રીતે દૂર કરી શકાશે.

(૫) (ક) મુખ્ય માહિતી કમિશનરને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેની સેવાની બોલીઓ અને શરતો મુખ્ય ચૂંટણી કમિશનરના જેવી જ રહેશે;

(ખ) માહિતી કમિશનરને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેની સેવાની બોલીઓ અને શરતો ચૂંટણી કમિશનરના જેવી જ રહેશેઃ

પરંતુ મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર, પોતાની નિમણૂકના સમયે ભારત સરકાર હેઠળની અથવા રાજય સરકાર હેઠળની પોતાની અગાઉની સેવાના સંબંધમાં, અશકતતા અથવા ઈજા પેન્શન સિવાયનું કોઇ પેન્શન મેળવતા હોય, તો મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર તરીકેની તેની સેવાના પગારમાંથી રૂપાંતરિત કરેલા પેન્શનના કોઈ ભાગ સહિતના પેન્શનની રકમ અને નિવૃત્તિની ગ્રેચ્યુઇટીને સમકક્ષ પેન્શન સિવાયના નિવૃત્તિના બીજા લાભોને સમકક્ષ પેન્શનની રકમ જેટલી રકમની કપાત કરવી જોઇશેઃ

વધુમાં, મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર, તેની નિમણૂકના સમયે, કેન્દ્રીય અધિનિયમ અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલ કોઈ કોર્પોરેશન અથવા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત સરકારી કંપનીમાં તેણે અગાઉ આપેલ કોઇ સેવાના સંબંધમાં નિવૃત્તિના લાભો મેળવતા હોય, તો મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર તરીકેની તેની સેવાના પગારમાંથી નિવૃત્તિના લાભોને સમકક્ષ પેન્શનની રકમ જેટલી રકમની કપાત કરવી જોઇશે :

વળી, મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરના પગાર, ભથ્થાં અને સેવાની બીજી શરતોમાં તેમની નિમણૂક બાદ તેમને ગેરલાભ થાય તેવા ફેરફાર કરવા જોઇશે નહિ.

(૬) કેન્દ્ર સરકારે મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરને આ અધિનિયમ હેઠળ તેમના કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા માટે જરૂરી હોય તેવા અધિકારીઓ અને કર્મચારીઓ પૂરા પાડવા જોઇશે અને આ અધિનિયમના હેતુ માટે નિયુકત કરાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

**મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનરને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.**

૧૪. (૧) પેટા-કલમ(૩)ની જોગવાઈઓને અધીન રહીને,મુખ્ય માહિતી કમિશનરને અથવા માહિતી કમિશનરને રાષ્ટ્રપતિએ ઉચ્ચતમ ન્યાયાલયને કરેલા સંદર્ભ પરથી, તેણે (ઉચ્ચતમ ન્યાયાલયે) તપાસ કરીને અહેવાલ આપ્યો હોય કે સાબિત થયેલ ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર મુખ્ય માહિતી કમિશનરને અથવા યથાપસંગ, માહિતી કમિશનરને દૂર કરવા જોઈએ,તો તે કારણોસર, ફકત રાષ્ટ્રપતિના હુકમથી તેમને તેમના હોદ્દાપરથી દૂર કરી શકાશે.

(૨) રાષ્ટ્રપતિ, આવા સંદર્ભ પરથી ઉચ્ચતમ ન્યાયાલયે આપેલા અહેવાલ અંગેના હુકમો ન કરે ત્યાં સુધી, પેટા-કલમ(૧) હેઠળ જેના સંબંધમાં ઉચ્ચતમ ન્યાયાલય સંદર્ભના આધારે મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનરના સંબંધમાં આવો સંદર્ભ કરાયેલ હોય તેને હોદ્દા પરથી ફરજમોકૂફ કરી શકશે અને જરૂરી જણાય તો તપાસ દરમિયાન કચેરીમાં હાજર રહેવા સામે મનાઇ ફરમાવી શકશે.

(૩) મુખ્ય માહિતી કમિશનર અથવા યથાપ્રસંગ, માહિતી કમિશનર-

(ક) નાદાર ઠરેલ હોય; અથવા

(ખ) રાષ્ટ્રપતિના અભિપ્રાય પ્રમાણે નૈતિક અધઃપતન ગણાય તેવા ગુનામાં દોષિત ઠરેલ હોય; અથવા

(ગ) પોતાના હોદાની મુદત દરમિયાન પોતાના હોદા પરની ફરજો સિવાયના કોઇ સવેતન રોજગારમાં રોકાયેલ હોય; અથવા

(ઘ) રાષ્ટ્રપતિના અભિપ્રાય પ્રમાણે માનસિક અથવા શારીરિક અશકતતાના કારણે હોદ્દા પર ચાલુ રહેવા અસમર્થ બન્યો હોય; અથવા

(ચ) મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર તરીકે પોતાના કાર્યોને પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય તે રીતે એવું કોઇ નાણાકીય અથવા બીજુ હિત પ્રાપ્ત કર્યું હોય તો,

પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ હુકમ કરીને, મુખ્ય માહિતી કમિશનર અથવા કોઇ માહિતી કમિશનરને તેમના હોદ્દા પરથી દૂર કરી શકશે.

(૪) મુખ્ય માહિતી કમિશનર અથવા માહિતી કમિશનર કોઇપણ રીતે ભારત સરકારે અથવા તેના વતી કરવામાં આવેલા કોઇ કરાર અથવા કબૂલાતનામુ સાથે સંકળાયેલ હોય અથવા તેમાં હિતસંબધ ધરાવતા હોય અથવા કોઇ એક સભ્ય તરીકે અને સંસ્થાપિત કંપનીના બીજા સભ્યોને સમાન હોય તે સિવાય તેમાંથી થતાં કોઇ નફા અથવા કોઇ બીજા લાભ અથવા મળતરમાં ભાગીદાર બને, તો પેટા-કલમ(૧)ના હેતુ માટે તે ગેરવર્તણૂક માટે દોષિત ગણાશે.

## પ્રકરણ ૪
## રાજય માહિતી પંચ

**૧૫.** (૧) દરેક રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ તેને સોંપવામાં આવેલી સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે.........(રાજયનું નામ) માહિતી પંચના નામે ઓળખાતા મંડળની રચના કરશે. **રાજય માહિતી પંચની રચના.**

(૨) રાજય માહિતી પંચ નીચેના સભ્યોનું બનશે-

(ક) રાજયના મુખ્ય માહિતી કમિશનર, અને

(ખ) જરૂરી જણાય તેટલી સંખ્યામાં, દસથી વધુ નહિ તેટલા, રાજય માહિતી કમિશનરો.

(૩) નીચેના સભ્યોની બનેલી સમિતિની ભલામણ પરથી, રાજયપાલ, રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજય માહિતી કમિશનરોની નિયુકિત કરશે-

(૧) મુખ્યમંત્રી, જે સમિતિના અધ્યક્ષ રહેશે;

(૨) વિધાનસભામાં વિરોધપક્ષના નેતા; અને

(૩) મુખ્યમંત્રી દ્વારા નામનિયુકત કરવામાં આવે તેવા કેબિનેટ મંત્રી.

**સ્પષ્ટીકરણ**.- શંકાના નિવારણના હેતુ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે વિધાનસભામાં વિરોધપક્ષના નેતાને તે તરીકે માન્યતા આપી ન હોય, ત્યારે વિધાનસભામાં સરકારની સામેના સૌથી મોટા સંયુક્ત વિરોધી જૂથના નેતા વિરોધપક્ષના નેતા ગણાશે.

(૪) રાજય માહિતી પંચના કામકાજ ઉપર સામાન્ય દેખરેખ, માર્ગદર્શન અને વ્યવસ્થાપન, રાજયના મુખ્ય માહિતી કમિશનરમાં નિહિત થશે. જેમને રાજય માહિતી કમિશનરો સહાય કરશે અને તે આ અધિનિયમ હેઠળ કોઇ બીજા સત્તાધિકારીની સૂચનાઓને અધીન રહયા સિવાય, રાજય માહિતી પંચ દ્વારા સ્વાયત્ત રીતે વાપરી શકાય અથવા કરી શકાય એવી તમામ સત્તા વાપરી શકશે અને એવા તમામ કાર્યો અને કૃત્યો કરી શકશે.

(૫) રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજય માહિતી કમિશનરો, કાયદા, વિજ્ઞાન અને ટેકનોલોજી, સમાજ સેવા, વ્યવસ્થાપન, પત્રકારત્વ, સમૂહ માધ્યમો અથવા વહીવટ અને સંચાલનના ક્ષેત્રમાં બહોળા જ્ઞાન અને અનુભવ ધરાવતી જાહેર જીવનમાં નામાંકિત હોય એવી વ્યકિતઓ હોવી જોઇશે.

(૬) રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર, સંસદ સભ્ય અથવા કોઇપણ રાજય અથવા યથાપ્રસંગ, સંઘ રાજય ક્ષેત્રોના વિધાનમંડળના સભ્ય હોવા જોઇશે નહિ અથવા નફાકારક બીજો કોઇ હોદ્દો ધરાવતા અથવા બીજા રાજકીય પક્ષ સાથે સંકળાયેલા અથવા અન્ય કોઇ ધંધો કે વ્યવસાય કરતા હોવા જોઇશે નહિ.

(૭) રાજય માહિતી પંચનું મુખ્ય મથક, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે અને રાજય માહિતી પંચ, રાજય સરકારની પૂર્વ મંજૂરીથી રાજયમાં બીજા સ્થળો ખાતે કચેરીઓ સ્થાપી શકશે.

**હોદ્દાની મુદત અને સેવાની શરતો.**

**૧૬.** (૧) રાજયના મુખ્ય માહિતી કમિશનર પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તેઓ ફેરનિમણૂકને પાત્ર થશે નહિઃ

પરંતુ રાજયના કોઇપણ મુખ્ય માહિતી કમિશનર, તેઓ પાંસઠ વર્ષની વયના થયા પછી, તે તરીકે હોદ્દો ધરાવી શકશે નહિ.

(૨) દરેક રાજય માહિતી કમિશનર, તેમનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે અથવા પાંસઠ વર્ષની વયમર્યાદા પૂરી કરે ત્યાં સુધી, એ બેમાંથી જે વહેલુ હોય તેટલો સમય હોદ્દો ધરાવી શકશે અને આવા રાજય માહિતી કમિશનર તરીકે ફેરનિમણૂક માટે પાત્ર થશે નહિઃ

પરંતુ દરેક રાજય માહિતી કમિશનર, આ પેટા-કલમ હેઠળ તેમનો હોદ્દો છોડે, ત્યારે કલમ ૧૫ની પેટા-કલમ (૩) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રાજયના મુખ્ય માહિતી કમિશનર તરીકે ફેરનિમણૂક માટે પાત્ર થશે :

વધુમાં, રાજય માહિતી કમિશનરની રાજયના મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક થાય, ત્યારે રાજય માહિતી કમિશનર અને રાજયના મુખ્ય માહિતી કમિશનર તરીકે તેમના હોદ્દાની કુલ મુદત પાંચ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.

(૩) રાજયના મુખ્ય માહિતી કમિશનરે અથવા રાજય માહિતી કમિશનરે, તેમનો હોદ્દો ધારણ કરે તે પહેલા રાજયપાલ સમક્ષ અથવા તે અર્થે તેમણે નિમણૂક કરેલ કોઇ બીજી વ્યકિત સમક્ષ પ્રથમ અનુસૂચિમાંના હેતુ માટે જણાવેલા નમૂના અનુસાર સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવા જોઇશે.

(૪) રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર, કોઇપણ સમયે, રાજયપાલને સંબોધીને પોતાના હસ્તાક્ષરમાં લેખિતમાં પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી શકશેઃ

પરંતુ રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનરને કલમ ૧૭ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે હોદ્દા પરથી દૂર કરી શકાશે.

(૫)(ક) રાજયના મુખ્ય માહિતી કમિશનરને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો ચૂંટણી કમિશનર જેવી જ રહેશે;

(ખ) રાજય માહિતી કમિશનરને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને સેવાની બીજી બોલીઓ અને શરતો રાજય સરકારના મુખ્ય સચિવ જેવી જ રહેશેઃ

પરંતુ રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર, તેમની નિમણૂકના સમયે, અશકતતા અથવા ઈજા પેન્શન સિવાય, ભારત સરકાર અથવા રાજય સરકાર હેઠળની અગાઉની કોઇ પણ સેવા માટે પેન્શન મેળવતા હોય, ત્યારે રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર તરીકેની તેમની સેવાના સંદર્ભમાં, તેમનો પગાર, ગણતરી કરેલ પેન્શનના કોઇ ભાગ સહિતની તે પેન્શનની રકમ અને નિવૃતિ ગ્રેજયુઇટીને સમકક્ષ પેન્શનને બાદ કરતા નિવૃતિના અન્ય પ્રકારના સમકક્ષ પેન્શનના પ્રમાણમાં ઘટાડવો જોઇશેઃ

વધુમાં, રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર, તેમની નિમણૂકના સમયે, કોઇ કેન્દ્રીય અધિનિયમ કે રાજય અધિનિયમ દ્વારા અથવા તે હેઠળ સ્થપાયેલા કોર્પોરેશન અથવા કેન્દ્ર સરકાર કે રાજય સરકારની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળની સરકારી કંપનીમાં અગાઉ કોઇ સેવા આપી હોય તેના સંદર્ભમાં મળતા નિવૃતિ લાભો મેળવતા હોય, ત્યારે રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર તરીકેની તેમની સેવાના સંદર્ભમાં તેમનો પગાર, નિવૃતિ લાભોને સમકક્ષ પેન્શનની રકમ જેટલો ઘટાડવો જોઇશે :

વળી, રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજય માહિતી કમિશનરોના પગાર, ભથ્થાં અને સેવાની બીજી શરતોમાં, તેમની નિમણૂક પછી તેમને ગેરફાયદો થાય તેવી રીતે ફેરફાર કરવો જોઇશે નહિ.

(૬) રાજય સરકારે રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજય માહિતી કમિશનરોને, આ અધિનિયમ હેઠળ તેમના કાર્યોની અસરકારક બજવણી માટે આવશ્યક હોય એવા અધિકારીઓ અને કર્મચારીઓ પૂરા પાડવા જોઇશે અને આ અધિનિયમના હેતુ માટે નિમણૂક કરેલા અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

**રાજય ના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનરને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.**

**૧૭.** (૧) પેટા-કલમ(૩)ની જોગવાઇઓને અધીન રહીને, રાજયના મુખ્ય માહિતી કમિશનરને અથવા રાજય માહિતી કમિશનરને રાજયપાલે ઉચ્ચતમ ન્યાયાલયને કરેલા સંદર્ભ પરથી, તેણે (ઉચ્ચતમ ન્યાયાલયે) તપાસ કરીને અહેવાલ આપ્યો હોય કે સાબિત થયેલ ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર રાજયના મુખ્ય માહિતી કમિશનરને અથવા યથાપસંગ, રાજય માહિતી કમિશનરને દૂર કરવા જોઇએ,તો તે કારણોસર, ફકત રાજયપાલના હુકમથી તેમને તેમના હોદ્દાપરથી દૂર કરી શકાશે.

(૨) રાજયપાલ, રાજયના મુખ્ય માહિતી કમિશનરને અથવા રાજય માહિતી કમિશનરને, પેટા-કલમ (૧) હેઠળ ઉચ્ચતમ ન્યાયાલયને સંદર્ભ કરાયેલ હોય તેવી તપાસ દરમિયાન અને રાજયપાલે આવી ભલામણ પરનો ઉચ્ચતમ ન્યાયાલયનો અહેવાલ મેળવ્યા બાદ હુકમો કર્યા ન હોય ત્યાં સુધી, હોદા પરથી ફરજમોકુફ કરી શકશે અને જરૂરી જણાય તો હોદા પર હાજર થતા અટકાવી શકશે.

(૩) રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા યથાપ્રસંગ, રાજય માહિતી કમિશનર,

(ક) નાદાર જાહેર થયા હોય; અથવા

(ખ) રાજયપાલના અભિપ્રાય મુજબ નૈતિક અધઃપતન ગણાય એવા ગુના માટે ગુનેગાર ઠરાવવામાં આવ્યા હોય; અથવા

(ગ) પોતાના હોદ્દાની ફરજો ઉપરાંત અન્ય સવેતન રોજગારમાં પોતાના હોદ્દાની મુદત દરમિયાન રોકાયેલા હોય; અથવા

(ઘ) રાજયપાલના અભિપ્રાય મુજબ માનસિક અથવા શારીરિક રીતે અશકતતાના કારણસર હોદ્દા પર રહેવા માટે અયોગ્ય હોય; અથવા

(ચ) એવા નાણાકીય અથવા અન્ય લાભ મેળવ્યા હોય કે જે રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર તરીકેના તેમના કાર્યોને વિપરીત અસર પહોંચાડી શકે,

તો પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજયપાલ, હુકમથી રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનરને હોદ્દા પરથી દૂર કરી શકશે.

(૪) રાજયના મુખ્ય માહિતી કમિશનર અથવા રાજય માહિતી કમિશનર, રાજય સરકારે અથવા તે વતી કરેલ કોઇ કરાર કે કબૂલાતનામામાં કોઇપણ રીતે સંબંધિત હોય કે હિત ધરાવતા હોય અથવા સંસ્થાપિત કંપનીના સભ્ય સિવાય અને બીજા સામાન્ય સભ્યોની માફક તેના નફામાં અથવા તેમાંથી થતા લાભ કે મળતરમાં કોઇ રીતે સહભાગી થાય, તો તે, પેટા-કલમ (૧) ના હેતુઓ માટે, ગેરવર્તન માટે દોષિત ગણાશે.

## પ્રકરણ ૫
## માહિતી પંચની સત્તા અને કાર્યો, અપીલ અને દંડ.

**માહિતી પંચની સત્તા અને કાર્યો.**

**૧૮.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચની, કોઇ વ્યકિત,-

(ક) કે જે આ અધિનિયમ હેઠળ આવા કોઇપણ અધિકારીની નિમણૂક કરવામાં આવી નથી તે કારણથી અથવા કેન્દ્રીય મદદનીશ જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીએ, આ અધિનિયમ હેઠળની તેની અથવા તેણીની માહિતી અથવા અપીલ માટેની અરજી, કલમ ૧૯ ની પેટા- કલમ (૧) માં નિર્દિષ્ટ કર્યા મુજબ કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી કે રાજયના જાહેર માહિતી અધિકારી કે વરિષ્ઠ (સીનીયર) અધિકારીને અથવા કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને રવાના કરવા માટે સ્વીકારવાની ના પાડી હોય તે કારણથી કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીને અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીને વિનંતી કરી શકી ન હોય;

(ખ) કે જેને આ અધિનિયમ હેઠળ વિનંતીથી માંગવામાં આવેલી કોઇ માહિતી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હોય;

(ગ) કે જેને આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલી સમયમર્યાદાની અંદર માહિતી મેળવવા અથવા પ્રાપ્ત કરવાની વિનંતીનો પ્રતિભાવ આપવામાં આવ્યો ન હોય;

(ઘ) તેને અથવા તેણીને ગેરવાજબી જણાતી હોય તેવી ફીની રકમ ચૂકવવાનું ફરમાવ્યુ હોય;

(ચ) તેને અથવા તેણીને આ અધિનિયમ હેઠળ અધૂરી, ગેરમાર્ગે દોરનારી અથવા ખોટી માહિતી આપવામાં આવી છે તેવુ માનતી હોય; અને

(છ) કે જે આ અધિનિયમ હેઠળ રેકર્ડ માગવા અથવા મેળવવા સંબંધી બીજી કોઇ બાબતના સંબંધમાં, તેની ફરિયાદ સ્વીકારવાની અને તે અંગે તપાસ કરવાની ફરજ રહેશે.

(૨) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને ખાતરી થાય કે કોઇ બાબતમાં તપાસ કરવા માટેના વાજબી આધારો છે, ત્યારે તે, તેના સંદર્ભમાં તપાસ શરૂ કરી શકશે.

**સને ૧૯૦૮નો ૫મો**

(૩) કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને, આ કલમ હેઠળ કોઈપણ બાબતમાં તપાસ કરતી વખતે, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવો ચલાવતી વખતે, દીવાની ન્યાયાલયમાં નિહિત થયેલી સત્તા જેવી જ સત્તા રહેશેઃ-

(ક) વ્યકિતઓને બોલાવવા અને હાજર રહેવા માટે ફરજ પાડવી અને સોગંદ પર મૌખિક અથવા લેખિત પુરાવા આપવા માટે અને દસ્તાવેજો અથવા માહિતી પૂરી પાડવા ફરજ પાડવાની;

(ખ) દસ્તાવેજોને પ્રગટ કરવા અને તપાસણી કરવા ફરમાવવાની;

(ગ) સોગંદનામા પર પુરાવો મેળવવાની;

(ઘ) કોઇ ન્યાયાલય અથવા કચેરીમાંથી તેના જાહેર રેકર્ડ અથવા તેની પ્રતોની માગણી કરવાની;

(ચ) સાક્ષીઓ અથવા દસ્તાવેજોની તપાસ માટે સમન્સ કાઢવાની, અને

(છ) ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ બાબત.

(૪) સંસદ અથવા યથાપ્રસંગ, રાજય વિધાનમંડળના કોઇ બીજા અધિનિયમમાં ગમે તે અસંગત હોય તે છતાં, કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચ, આ અધિનિયમ હેઠળ કોઈપણ ફરિયાદ અંગેની તપાસ દરમ્યાન, આ અધિનિયમ લાગુ પડતો હોય તેવા કોઇ રેકર્ડની કે જે જાહેર સત્તામંડળના નિયંત્રણ હેઠળ હોય તેની તપાસ કરી શકશે અને આવા કોઈપણ રેકર્ડને કોઈપણ આધારે અટકાવી શકાશે નહિ.

**અપીલ**

**૧૯.** (૧) કોઈપણ વ્યકિત જેને કલમ ૭ની પેટા-કલમ(૧) અથવા પેટા-કલમ(૩)ના ખંડ (ક) માં નિર્દિષ્ટ કર્યા મુજબની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ થઇ ન હોય અથવા કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઇ હોય, તે, આવી મુદત પૂરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાથી ત્રીસ દિવસની અંદર, દરેક જાહેર સત્તામંડળની અંદર, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી કરતાં ઉપલો દરજ્જો ધરાવતા હોય તેવા અધિકારીને અપીલ કરી શકશેઃ

પરંતુ આવા અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકયો ન હતો, તો તે ત્રીસ દિવસની મુદત વીતી ગયા પછી અપીલ સ્વીકારી શકશે.

(૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ કરેલ હુકમની સામે, કલમ ૧૧ હેઠળ ત્રાહિત પક્ષકારની માહિતી જાહેર કરવા માટે અપીલ કરવામાં આવી હોય, ત્યારે સંબંધિત ત્રાહિત પક્ષકારે હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળના નિર્ણય સામેની બીજી અપીલ, જે તારીખે નિર્ણય કરવો જોઇતો હતો અથવા ખરેખર મળ્યો હોય તે તારીખથી નેવું દિવસની અંદર કેન્દ્રીય માહિતી પંચ અથવા રાજય માહિતી પંચ સમક્ષ કરવી જોઇશેઃ

પરંતુ કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકયો ન હતો, તો તે નેવું દિવસની મુદત વીતી ગયા પછી અપીલ સ્વીકારી શકશે.

(૪) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીના અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીના નિર્ણય વિરૂધ્ધ કરાયેલ અપીલ, ત્રાહિત પક્ષકારની માહિતી સંબંધી હોય, તો કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે, તે ત્રાહિત પક્ષકારને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

(૫) કોઇ અપીલની કાર્યવાહીમાં વિનંતીનો અસ્વીકાર કાયદેસર રીતે કરવામાં આવ્યો હતો તે સાબિત કરવાની જવાબદારી જેણે વિનંતીનો અસ્વીકાર કર્યો હોય તે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીની રહેશે.

(૬) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળની અપીલનો નિકાલ, અપીલ મળ્યાના ત્રીસ દિવસની અંદર અથવા યથાપ્રસંગ, તેની અપીલ દાખલ કર્યાની તારીખથી કુલ પિસ્તાળીસ દિવસથી વધુ નહિ તેટલા લંબાવેલા સમયગાળાની અંદર, લેખિતમાં કારણોની નોંધ કરીને, કરવો જોઇશે.

(૭) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચનો નિર્ણય બંધનકર્તા રહેશે.

(૮) તેના નિર્ણયમાં, કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને, નીચેની બાબતોના સંબંધમાં સત્તા રહેશે-

(ક) આ અધિનિયમની જોગવાઇઓના પાલનને સુનિશ્ચિત કરવા માટે આવશ્યક હોય તેવા નીચે ઉલ્લેખેલ સહિતના કોઇ પગલાં લેવા-

(૧) જો આવી વિનંતી કરવામાં આવી હોય, તો ખાસ સ્વરૂપે માહિતી પૂરી પાડવા,

(૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીની નિમણૂક કરવા,

(૩) અમુક માહિતી અથવા માહિતીના પ્રકારો પ્રસિધ્ધ કરવા,

(૪) રેકર્ડની જાળવણી, સંચાલન અને તેના નાશના સંદર્ભમાં તેની પધ્ધતિમાં જરૂરી ફેરફારો કરવા,

(૫) માહિતીના અધિકાર બાબતે તેના અધિકારીઓ માટે તાલીમની જોગવાઇ વિસ્તૃત કરવા,

(૬) કલમ જની પેટા-કલમ (૧)ના ખંડ(ખ)ના પાલન માટે વાર્ષિક અહેવાલની જોગવાઇ કરવા, જાહેર સત્તામંડળને ફરમાવવાની ;

(ખ) કોઇ નુકસાન અથવા થયેલ બીજી હાનિ માટે ફરિયાદીને વળતર આપવા જાહેર સત્તામંડળને ફરમાવવાની;

(ગ) આ અધિનિયમ હેઠળ જોગવાઇ કરેલ કોઇ દંડ લાદવાની;

(ઘ) અરજીને નામંજૂર કરવાની.

(૯) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે ફરિયાદીને અને જાહેર સત્તામંડળને, અપીલ અંગેના કોઇ અધિકાર સહિતના તેના નિર્ણયની નોટિસ આપવી જોઇશે.

(૧૦) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર અપીલનો નિર્ણય કરવો જોઇશે.

૨૦. (૧) કેન્દ્રીય માહિતી પંચનો અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચનો કોઇ ફરિયાદ અથવા અપીલનો નિર્ણય કરતી વખતે એવો અભિપ્રાય હોય કે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ રાજયના જાહેર માહિતી અધિકારીએ કોઇ વાજબી કારણ વિના માહિતી માટેની અરજી સ્વીકારવાની ના પાડી છે અથવા કલમ ૭ ની પેટા-કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ સમયની અંદર માહિતી પૂરી પાડી નથી અથવા માહિતી માટેની વિનંતીનો બદઇરાદાપૂર્વક અસ્વીકાર કર્યો છે અથવા જાણીબૂજીને ખોટી, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે અથવા વિનંતીનો વિષય હોય તેવી માહિતીનો નાશ કર્યો છે અથવા માહિતી પૂરી પાડવામાં માટે કોઇપણ રીતે અવરોધ કર્યો છે, તો તે અરજી સ્વીકારવામાં આવેલ હોય અથવા માહિતી પૂરી પાડેલ હોય ત્યારથી દરેક દિવસ માટે બસોપચાસ રૂપિયાનો દંડ કરી શકશે, તેમ છતાં તેવા દંડની કુલ રકમ પચીસ હજાર રૂપિયા કરતાં વધવી જોઇશે નહિ : **દંડ.**

પરંતુ કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી પર તેવો દંડ નાખતા પહેલા તેને સુનાવણીની વાજબી તક આપવી જોઇશેઃ

વધુમાં, તે વાજબીપણે અને ખંતપૂર્વક વર્ત્યો હતો તેવું સાબિત કરવાનો બોજો કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી પર રહેશે.

(૨) કેન્દ્રીય માહિતી પંચનો અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચનો કોઇ ફરિયાદ અથવા અપીલનો નિર્ણય કરતી વખતે એવો અભિપ્રાય હોય કે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ કોઇ વાજબી કારણ વિના અને દૂરાગ્રહપૂર્વક માહિતી માટેની અરજી સ્વીકારી નથી અથવા કલમ ૭ ની પેટા-કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ સમયની અંદર માહિતી પૂરી પાડી નથી અથવા માહિતી માટેની વિનંતીનો બદઇરાદાપૂર્વક અસ્વીકાર કર્યો છે અથવા જાણીબુજીને ખોટી, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે અથવા વિનંતીનો વિષય હોય તેવી માહિતીનો નાશ કર્યો છે અથવા માહિતી પૂરી પાડવામાં કોઇપણ રીતે અવરોધ કર્યો છે, તો તેને લાગુ પડતા સેવા નિયમો હેઠળ કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીની વિરૂધ્ધ શિસ્તવિષયક પગલાં લેવાની તે (પંચ) ભલામણ કરી શકશે.

## પ્રકરણ ૬
## પ્રકીર્ણ

૨૧. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ હેઠળ શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય માટે કોઇપણ વ્યકિત સામે કોઇ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ. **શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાને રક્ષણ.**

**સને ૧૯૨૩ નો ૧૯મો** ૨૨. સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં અથવા આ અધિનિયમ સિવાયના બીજા કોઇ કાયદાની રૂએ અમલી હોય તેવા કોઇ લેખમાં તેની અસંગત હોય તેવો કોઇપણ મજકૂર હોય તે છતાં આ અધિનિયમની જોગવાઇઓની અસર રહેશે. **અધિનિયમની ઉપરવટ અસર.**

**ન્યાયાલયની હકૂકતને બાધ.**

**૨૩.** કોઇપણ ન્યાયાલય, આ અધિનિયમ હેઠળ કરેલા કોઇ હુકમના સંબંધમાં કોઇપણ દાવા, અરજી અથવા બીજી કાર્યવાહી દાખલ કરી શકશે નહિ અને તેવા કોઇ હુકમ સામે આ અધિનિયમ હેઠળ અપીલની રીત સિવાયની બીજી કોઇ રીતે વાંધો ઉઠાવી શકાશે નહિ.

**અમુક સંગઠનોને અધિનિયમ લાગુ ન પડવા બાબત.**

**૨૪.** (૧) આ અધિનિયમમાંનો કોઇપણ મજકૂર, કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલ હોય તેવા, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ગુપ્તચર અને સલામતી સંગઠનો અથવા આવા સંગઠનોએ સરકારને પૂરી પાડેલી કોઇ માહિતીને લાગુ પડશે નહિ :

પરંતુ ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોને લગતી માહિતી, આ પેટા-કલમ હેઠળ બાકાત રાખવામાં આવશે નહિ :

વધુમાં, માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોના સંબંધમાં માગેલ હોય તેવી માહિતીના કિસ્સામાં, કેન્દ્રીય માહિતી પંચની મંજૂરી પછી જ માહિતી પૂરી પાડવી જોઇશે અને કલમ ૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવી માહિતી, વિનંતી મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની અંદર પૂરી પાડવી જોઇશે.

(૨) કેન્દ્ર સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, તે સરકારે સ્થાપેલ કોઇપણ બીજી ગુપ્તચર અથવા સલામતી સંગઠનોનો અનુસૂચિમાં સમાવેશ કરીને અથવા અગાઉથી તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા કોઇપણ સંગઠનને તેમાંથી કમી કરીને અનુસૂચિમાં સુધારો કરી શકશે અને આવું જાહેરનામું પ્રસિધ્ધ થયેથી, આવા સંગઠનનો અનુસૂચિમાં સમાવેશ થયેલો હોવાનું અથવા યથાપ્રસંગ, તેને તેમાંથી કમી કરાયેલ હોવાનું ગણાશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ બહાર પાડવામાં આવેલ દરેક જાહેરનામું સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવું જોઇશે.

(૪) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, વખતોવખત નિર્દિષ્ટ કરે તેવા, રાજય સરકારે સ્થાપેલ હોય તેવા ગુપ્તચર અને સલામતી સંગઠનને લાગુ પડશે નહિઃ

પરંતુ ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોને લગતી માહિતી, આ પેટા-કલમ હેઠળ બાકાત રાખવામાં આવશે નહિ :

વધુમાં, માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોના સંબંધમાં માગેલ હોય તેવી માહિતીના કિસ્સામાં, રાજ્ય માહિતી પંચની મંજૂરી પછી જ માહિતી પૂરી પાડવી જોઇશે અને કલમ ૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવી માહિતી, વિનંતી મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની અંદર પૂરી પાડવી જોઇશે.

(૫) પેટા-કલમ(૪) હેઠળ બહાર પાડવામાં આવેલ દરેક જાહેરનામું રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવું જોઇશે.

**દેખરેખ રાખવા અને અહેવાલ આપવા બાબત.**

**૨૫.** (૧) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે, દરેક વર્ષ પૂરું થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું ઝડપથી, તે વર્ષ દરમિયાનના આ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ ઉપરનો અહેવાલ તૈયાર કરવો જોઈશે અને સમુચિત સરકારને તેની એક નકલ મોકલવી જોઈશે.

(૨) દરેક મંત્રાલયે અથવા વિભાગે, તેમની હકૂમતમાંના જાહેર સત્તામંડળોની બાબતમાં, આ કલમ હેઠળ અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી હોય તેવી માહિતી એકઠી કરવી જોઈશે અને કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને પૂરી પાડવી જોઈશે અને આ કલમના હેતુઓ માટે તે માહિતી પૂરી પાડવા અને રેકર્ડ રાખવા સંબંધિત જરૂરિયાતોનું પાલન કરવું જોઈશે.

(૩) દરેક અહેવાલમાં, તે અહેવાલ જે વર્ષને લગતો હોય તે વર્ષના સંબંધમાં નીચેની બાબતો જણાવેલી હોવી જોઈશે,-

(ક) દરેક જાહેર સત્તામંડળને કરવામાં આવેલી વિનંતીની સંખ્યા;

(ખ) જયાં અરજદારો વિનંતી અનુસારના દસ્તાવેજો મેળવવા હકદાર ન હોય તેવા નિર્ણયોની સંખ્યા, આ અધિનિયમની જે જોગવાઈઓ હેઠળ આ નિર્ણયો કરવામાં આવ્યા હોય તે જોગવાઈઓ અને જેટલી વખત આ જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે સંખ્યા;

(ગ) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને પુનર્વિલોકન કરવા માટે મોકલવામાં આવેલી અપીલની સંખ્યા, અપીલનો પ્રકાર અને અપીલનું પરિણામ;

(ઘ) આ અધિનિયમના અમલના સંબંધમાં કોઈપણ અધિકારીની સામે લેવામાં આવેલ કોઈ પણ શિસ્તવિષયક પગલાંની વિગતો;

(ચ) આ અધિનિયમ હેઠળ દરેક જાહેર સત્તામંડળ દ્વારા એકઠા કરવામાં આવેલા ચાર્જીસની રકમ;

(છ) આ અધિનિયમના ભાવ અને ઈરાદાને લાગુ પાડવા અને અમલીકરણ માટે જાહેર સત્તામંડળ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો દર્શાવતી કોઈ પણ હકીકત;

(જ) આ અધિનિયમ અથવા બીજા કાયદા અથવા સામાન્ય કાયદા અથવા માહિતી મેળવવાના અધિકારનો અમલ કરવા સંબંધિત બીજી કોઈ બાબતના વિકાસ, સુધારણા, આધુનિકીકરણ, નવરચના અથવા સુધારા માટે, કોઈ ચોકકસ જાહેર સત્તામંડળોના સંબંધમાં ભલામણો સહિતની સુધારણા માટેની ભલામણો.

(૪) કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકાર, દરેક વર્ષ પૂરું થયા પછી વ્યવહાર્ય હોય તેટલું ઝડપથી, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચના અહેવાલની એક નકલ સંસદના દરેક ગૃહ સમક્ષ અથવા યથાપ્રસંગ, જયાં રાજય વિધાનમંડળના બે ગૃહો હોય ત્યાં રાજય વિધાનમંડળના દરેક ગૃહ સમક્ષ અને જયાં રાજય વિધાનમંડળનું એક ગૃહ હોય ત્યાં તે ગૃહ સમક્ષ મૂકાવી શકશે.

(૫) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને એમ જણાય કે આ અધિનિયમ હેઠળના જાહેર સત્તામંડળના કાર્યો બજાવવાના સંબંધમાં જાહેર સત્તામંડળનો

(૬) વ્યવહાર આ અધિનિયમની જોગવાઇઓ અથવા ભાવ સાથે સુસંગત નથી તો, તે(પંચ), સત્તામંડળને તેના, અભિપ્રાય મુજબ આવી સુંસગતતાને પ્રોત્સાહન આપવા માટે લેવા આવશ્યક હોય તેવા પગલાં નિર્દિષ્ટ કરતી ભલામણ કરી શકશે.

**સમુચિત સરકારે તૈયાર કરવાના કાર્યક્રમો.**

૨૬. (૧) સમુચિત સરકાર, નાણાકીય અને બીજા સ્ત્રોતોની ઉપલભ્યતાના પ્રમાણમાં,-

(ક) આ અધિનિયમ હેઠળ નિર્ધારિત અધિકારો કેવી રીતે વાપરવા તે વિષે જનતાની, ખાસ કરીને ઉપેક્ષિત સમુદાયોની જાહેર સમજ વધારવા માટે શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવી શકશે અને તેની વ્યવસ્થા કરી શકશે;

(ખ) ખંડ(ક)માં ઉલ્લેખેલ કાર્યક્રમોના વિકાસ અને તેની વ્યવસ્થા કરવામાં સહભાગી થવા માટે અને આવા કાર્યક્રમો પોતાની જાતે હાથ ધરવા માટે જાહેર સત્તામંડળોને પ્રોત્સાહન આપી શકશે;

(ગ) જાહેર સત્તામંડળો દ્વારા તેઓની પ્રવૃત્તિઓ વિશે આપવામાં આવતી ચોકકસ માહિતીના સમયસર અને અસરકારક પ્રસાર માટે પ્રોત્સાહન આપી શકશે; અને

(ઘ) જાહેર સત્તામંડળોના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીઓ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીઓને તાલીમ આપી શકશે અને જાહેર સત્તામંડળોના પોતાના ઉપયોગ માટેની સંબંધિત તાલીમ સામગ્રી તૈયાર કરી શકશે.

(૨) સમુચિત સરકારે, આ અધિનિયમના આરંભથી અઢાર મહિનાની અંદર, આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલા કોઇપણ અધિકાર વાપરવા ઇચ્છતી કોઇ વ્યકિત દ્વારા વાજબી રીતે જરૂરી હોય તેવી માહિતીનો સમાવેશ કરીને, સરળ રીતે સમજી શકાય તેવા સ્વરૂપમાં અને તેવી રીતે, પોતાની રાજભાષામાં એક માર્ગદર્શિકાનુ સંકલન કરવું જોઇશે.

(૩) સમુચિત સરકારે, જો જરૂરી હોય તો, પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ માર્ગદર્શિકા, નિયમિત સમયાંતરે અદ્યાવત કરવી જોઇશે અને પ્રકાશિત કરવી જોઇશે, જેમાં, ખાસ કરીને અને પેટા-કલમ (૨)ની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની બાબતોનો સમાવેશ કરવો જોઇશે-

(ક) આ અધિનિયમના ઉદ્દેશો;

(ખ) કલમ ૫ ની પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ દરેક જાહેર સત્તામંડળના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીનું પત્રવ્યવહારનું સરનામું, ફોન અને ફેકસ નંબર અને, જો ઉપલભ્ય હોય, તો ઇલેકટ્રોનિક મેઇલ એડ્રેસ;

(ગ) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીને જે રીતે અને જે નમૂનામાં માહિતી મેળવવા માટેની વિનંતી કરવી જોઇશે તે રીત અને નમૂનો;

(ઘ) આ અધિનિયમ હેઠળના જાહેર સત્તામંડળના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી પાસેથી ઉપલભ્ય સહાય અને તેમની ફરજો;

(ચ) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચ પાસેથી ઉપલભ્ય સહાય;

(છ) પંચને અપીલ કરવાની રીત સહિતના આ અધિનિયમના સંબંધમાં અથવા આ અધિનિયમથી મળેલા અધિકાર અથવા નાંખવામાં આવેલી ફરજોની બાબતમાં આ અધિનિયમની નિષ્ફળતાના સંબંધમાં ઉપલભ્ય કાયદામાંના તમામ ઉપાય;

(જ) કલમ ૪ અનુસાર રેકર્ડના વર્ગો સ્વૈચ્છિક રીતે પ્રગટ કરવા માટે જોગવાઇ કરતી જોગવાઇઓ;

(ઝ) માહિતી મેળવવા માટેની વિનંતીના સંબંધમાં ચૂકવવાની થતી ફીને સંબંધિત નોટિસો; અને

(ટ) આ અધિનિયમ અનુસાર માહિતી મેળવવાના સંબંધમાં કરવામાં આવેલ વધારાના વિનિયમો અથવા બહાર પાડવામાં આવેલ પરિપત્રો.

(૪) સમુચિત સરકારે, જો જરૂરી હોય, તો નિયમિત સમયાંતરે માર્ગદર્શિકા અચૂક અદ્યાવત કરવી જોઇશે અને પ્રસિધ્ધ કરવી જોઇશે.

**નિયમો કરવાની સમુચિત સરકારની સત્તા.**

૨૭. (૧) સમુચિત સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં મૂકવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, એવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે :-

(ક) કલમ ૪ની પેટા-કલમ(૪) હેઠળ પ્રસાર કરવાની સામગ્રીના માધ્યમનું ખર્ચ અથવા મુદ્રિત સામગ્રીની પડતર કિંમત;

(ખ) કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ ચૂકવવાપાત્ર ફી;

(ગ) કમલ ૭ની પેટા-કલમો (૧) અને (૫) હેઠળ ચૂકવવાપાત્ર ફી;

(ઘ) કલમ ૧૩ની પેટા-કલમ(૬) અને કલમ ૧૬ની પેટા-કલમ(૬) હેઠળ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતો;

(ચ) કલમ ૧૯ની પેટા-કલમ(૧૦) હેઠળ અપીલનો નિર્ણય કરવામાં કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચ દ્વારા અપનાવવાની કાર્યરીતિ; અને

(છ) ઠરાવવી જરૂરી હોય તેવી અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ બાબત.

**નિયમો કરવાની સક્ષમ અધિકારીની સત્તા.**

૨૮. (૧) સક્ષમ સત્તાધિકારી, રાજપત્રમાં જાહેરનામાંથી, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં મૂકવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, એવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(૧) કલમ ૪ની પેટા-કલમ (૪) હેઠળ પ્રસાર કરવાની સામગ્રીના માધ્યમનું ખર્ચ અથવા મુદ્રિત સામગ્રીની પડતર કિંમત;

(૨) કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ ચૂકવવાપાત્ર ફી;

(૩) કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ ચૂકવવાપાત્ર ફી; અને

(૪) ઠરાવવી જરૂરી હોય તેવી અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઇપણ બાબત.

**નિયમો મૂકવા બાબત.**

૨૯. (૧) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે કરેલા દરેક નિયમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે, સંસદના દરેક ગૃહ સમક્ષ એક જ સત્રમાં અથવા લાગલાગટ બે અથવા વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઇશે અને તે સત્ર અથવા ઉપર્યુકત લાગલગાટ સત્રો પછીનું તરતનું સત્ર પૂરાં થતા પહેલાં, બન્ને ગૃહો તે નિયમમાં કોઇ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઇશે નહિ, તો ત્યારબાદ તે એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા યથાપ્રસંગ, અમલમાં રહેશે નહિ, તેમ છતાં, આવો કોઇ પણ ફેરફાર થવાથી અથવા રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઇ પણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળ રાજય સરકારે કરેલ દરેક નિયમને, તે જાહેર કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા**

૩૦. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ પણ મુશ્કેલી ઉભી થાય તો, કેન્દ્ર સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ લાગે તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે :

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇ પણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવો જોઇશે.

**રદ કરવા બાબત.**

૩૧. માહિતી-સ્વાતંત્ર્ય અધિનિયમ,૨૦૦૨, આથી રદ કરવામાં આવે છે. **સન ૨૦૦૩નો ૫મો**

**પહેલી અનુસૂચિ**

(જુઓ કલમો ૧૩(૩) અને ૧૬(૩))

મુખ્ય માહિતી કમિશનર / માહિતી કમિશનર / રાજયના મુખ્ય માહિતી કમિશનર / રાજય માહિતી કમિશનરે લેવાના શપથ અથવા પ્રતિજ્ઞાનો નમૂનો

"હું..........................., મુખ્ય માહિતી કમિશનર / માહિતી કમિશનર / રાજયના મુખ્ય માહિતી કમિશનર / રાજય માહિતી કમિશનર નીમાવાથી ઈશ્વરના નામે સોગંદ લઉં છું કે / ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે કાયદાથી સ્થાપિત ભારતના સંવિધાન પ્રત્યે હું સાચી શ્રધ્ધા અને નિષ્ઠા ધરાવીશ, હું ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતાનું સમર્થન કરીશ, હું યોગ્ય રીતે અને નિષ્ઠાપૂર્વક તેમજ મારી પૂરી ક્ષમતા, સમજ અને નિર્ણયશકિતથી મારા હોદ્દાનાં કર્તવ્યો, ભય કે પક્ષપાત, રાગ કે દ્વેષ વિના બજાવીશ અને સંવિધાન અને કાયદાઓનું સમર્થન કરીશ."

**બીજી અનુસૂચિ**

(જુઓ કલમ ૨૪)

કેન્દ્ર સરકારે સ્થાપેલ ગુપ્તચર અને સલામતી સંગઠન

૧. ઇન્ટેલિજન્સ બ્યુરો
૨. કેબિનેટ સચિવાલયની સંશોધન અને પૃથકકરણ શાખા.(ર્રા)
૩. રેવન્યુ ઇન્ટેલિજન્સ નિયામકની કચેરી.
૪. સેન્ટ્રલ ઇકોનોમિક ઇન્ટેલિજન્સ બ્યુરો (સી.ઇ.આઇ.બી.)
૫. એન્ફોર્સમેન્ટ નિયામકની કચેરી.
૬. નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરો.
૭. એવિએશન રિસર્ચ સેન્ટર.
૮. ખાસ સીમાવર્તી દળ. (એસ. પી. એફ.)
૯. સરહદ સુરક્ષા દળ.(બી.એસ.એફ.)
૧૦. કેન્દ્રીય અનામત પોલીસ દળ.(સી. આર. પી. એફ.)
૧૧. ભારત-તિબેટ સરહદ પોલીસ.(આઇ.ટી.બી.પી.)
૧૨. કેન્દ્રીય દળ.(સી.આઇ.એસ.એફ.)
૧૩. રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (એન.એસ.જી.)
૧૪. આસામ રાઇફલ્સ.
૧૫. શસ્ત્ર સીમા દળ.
૧૬. વિશેષ શાખા (સીઆઇડી), આંદામાન અને નિકોબાર
૧૭. ગુનાશોધક શાખા- સી.આઇ.ડી.-સી.બી., દાદરા અને નગરહવેલી.
૧૮. વિશેષ શાખા, લક્ષદ્વીપ પોલીસ.
૧૯. સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ.
૨૦. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન.
૨૧. બોર્ડર રોડ ડેવલપમેન્ટ બોર્ડ.
૨૨. ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ યુનિટ, ભારત.

**ટી.કે.વિશ્વનાથન,**
સચિવ,ભારત સરકાર.

------------